




IPL 2026 આજની મેચ SRH Vs RCB ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: હૈદરાબાદ

| | ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઈન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|---|
| Q | RCB | 13 | 9 | 4 | 0 | 18 | 1.065 |
| Q | GT | 13 | 8 | 5 | 0 | 16 | 0.400 |
| Q | SRH | 13 | 8 | 5 | 0 | 16 | 0.350 |
| | RR | 13 | 7 | 6 | 0 | 14 | 0.083 |
| | PBKS | 13 | 6 | 6 | 1 | 13 | 0.227 |
| | KKR | 13 | 6 | 6 | 1 | 13 | 0.011 |
| | CSK | 13 | 6 | 7 | 0 | 12 | -0.016 |
| | DC | 13 | 6 | 7 | 0 | 12 | -0.871 |
| | MI | 13 | 4 | 9 | 0 | 8 | -0.510 |
| | LSG | 13 | 4 | 9 | 0 | 8 | -0.702 |

# ગુજરાતે CSK સામે મૂક્યો 230 રનનો લક્ષ્યાંક

**ગીલ-સુદર્શનની** અર્ધસદી સાથે શતકીય ભાગીદારી અને બટલરની અર્ધસદીથી ગુજરાતે 229 રન બનાવ્યા

**ગીલ-સુદર્શને** IPLમાં સાતમીવાર શતકીય ભાગીદારી કરીને ધવન-વોર્નર અને અભિષેક-હેડને પાછળ છોડ્યા



અમદાવાદ, તા. 21 : આઈપીએલમાં આજે ગુરુવારે અહીં રમાયેલી એક મેચમાં ઓપનર સાઈ સુદર્શન અને કેપ્ટન શુભમન ગિલે ફટકારેલી શાનદાર અર્ધસદી અને બંને વચ્ચેની શતકીય ભાગીદારી ઉપરાંત જોશ બટલરની નોટઆઉટ અર્ધસદીની મદદથી ગુજુરાત ટાઈટન્સે 4 વિકેટે 229 રનનો મજબૂત સ્કોર બનાવીને ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે 230 રનનો વિજય લક્ષ્યાંક મૂક્યો હતો.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળતા ગીલ સુદર્શનની જોડીએ 125 રનની ઓપનીંગ ભાગીદારી કરીને ગુજરાત ટાઈટન્સ માટે મોટા સ્કોરનો પાયો નાખ્યો હતો. આ બંને વચ્ચે આ સાતમી શતકીય ભાગીદારી હતી અને તેમણે આઈપીએલમાં સર્વાધિક છ વાર શતકીય ભાગીદારી કરનારી જોડીઓ ડેવિડ વોર્નર અને શિખર ધવન તેમજ અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડને પાછળ છોડ્યા હતા.

સુદર્શને 53 બોલમાં 84 રન બનાવ્યા હતા, જ્યારે ગિલે 37 બોલમાં 64 રનનું યોગદાન આપ્યું હતું. સુદર્શને પોતાની ઈનિંગ્સમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે ગિલે સાત ચોગ્ગા અને ત્રણ ગગનચુંબી છગ્ગા લગાવ્યા હતા. જોસ બટલરે પણ 27 બોલમાં પાંચ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી નોટઆઉટ 57 રનની તોફાની ઈનિંગ રમી હતી. સીએસકે તરફથી સ્પેન્સર જોન્સન અને અંશુલ કંબોજે એક-એક વિકેટ ઝડપી હતી. ઈનિંગ્સના છેલ્લા બોલે વોશિંગ્ટન સુંદર આઉટ થયો હતો.

| ગુજરાત ટાઇટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કો.શોર્ટ બો.કંબોજ | 84 | 53 | 7 | 4 |
| ગીલ કો.દુબે બો.જહોન્સન | 64 | 37 | 7 | 3 |
| બટલર નોટઆઉટ | 57 | 27 | 5 | 4 |
| તેવટિયા રનઆઉટ | 0 | 1 | 0 | 0 |
| સુંદર કો.ઉર્વિલ બો.મુકેશ | 7 | 3 | 0 | 1 |
| વધરાના | 17 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 229 | | | |

**વિકેટપતન :** 1/125, 2/207, 3/207, 4/229

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મુકેશ ચૌધરી | 3.6 | 0 | 36 | 1 |
| સ્પેન્સર જહોન્સન | 4 | 0 | 47 | 1 |
| ગર્જપનીત સિંહ | 4 | 0 | 31 | 0 |
| અંશુલ કંબોજ | 4 | 0 | 56 | 1 |
| નૂર અહેમદ | 3 | 0 | 41 | 0 |
| શિવમ દુબે | 1 | 0 | 15 | 0 |

# આજે RCBની નજર ટોપ ફિનિશ પર અને SRHની ક્વોલિફાયર 1 પર

**વિરાટ** કોહલીનું સાતત્યપૂર્ણ પ્રદર્શન અને ભુવનેશ્વર-હેઝલવુડની બોલિંગ સનરાઇઝર્સ માટે મુખ્ય પડકાર

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર



હૈદરાબાદ, તા. 21 : આઈપીએલમાં આજે શુક્રવારે અહીં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) તેમની અંતિમ આઈપીએલ લીગ મેચમાં એકબીજા સામે મેદાને ઉતરશે ત્યારે આરસીબીની નજર ટોચના સ્થાને ફિનિશ કરવા પર જ્યારે એસઆરએચની નજર ક્વોલિફાયર 1માં સ્થાન મેળવવા પર રહેશે.

આરસીબી હાલમાં 18 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને 10 ટીમોમાં તેનો શ્રેષ્ઠ નેટ રન રેટ 1.065 છે. શુક્રવારે જીતવાથી તેમને પ્રથમ સ્થાન મળશે અને ફાઈનલમાં પહોંચવાની બે તક મળશે. દરમિયાન, સનરાઈઝર્સ હૈદરાબાદ 13 મેચમાં 16 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, પોઈન્ટમાં તે ગુજરાત ટાઈટન્સ સાથે બરાબરી પર છે, પરંતુ નેટ રન રેટમાં પાછળ છે. સનરાઈઝર્સ હૈદરાબાદનો નેટ રન રેટ 0.350 છે, જ્યારે ગુજરાત ટાઈટન્સનો નેટ રન રેટ 0.400 છે. ટોચના બેમાં સ્થાન મેળવવા માટે, તેમણે આરસીબીને નોંધપાત્ર માર્જિનથી હરાવવાની સાથે આશા રાખવી પડશે કે ચેન્નાઈ સુપર કિંગ્સ ગુજરાત ટાઈટન્સને હરાવશે.

કેપ્ટન રજત પાટીદારના નેતૃત્વમાં, આરસીબીએ ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું છે. વિસ્ફોટક બેટિંગ અને શિસ્તબદ્ધ બોલિંગના સંયોજને આરસીબીને સતત બીજી સિઝન માટે ટાઈટલના દાવેદાર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી છે. કરિશ્માઈ વિરાટ કોહલીએ ટોચના ક્રમમાં પોતાની સાતત્યતાને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખીને 13 મેચમાં 542 રન બનાવ્યા છે. દેવદત્ત પડિકલ પણ સારી સિઝન પસાર કરી રહ્યો છે. ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડની અનુભવી ઝડપી બોલિંગ જોડીએ પણ આરસીબીની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ભુવનેશ્વર આ સિઝનમાં અગ્રણી વિકેટ લેનારા બોલરોમાંનો એક રહ્યો છે અને તેણે નવા બોલ સાથે સતત સારું પ્રદર્શન કર્યું છે. દરમિયાન, હેઝલવુડે મહત્વપૂર્ણ ક્ષણોમાં પ્રભાવશાળી સ્પેલ બોલિંગ કરી છે.કૃણાલ પંડ્યાએ પણ પોતાના ઓલરાઉન્ડ પ્રદર્શનથી પ્રભાવિત કર્યા છે.સનરાઈઝર્સ હૈદરાબાદ પાસે ટુર્નામેન્ટની સૌથી ખતરનાક બેટિંગ લાઈન-અપ્સમાંથી એક છે. અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા ખેલાડીઓ કોઈપણ બોલિંગ આક્રમણને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.

# ધોની પોતાના વતન રાંચી પરત ફરતા નિવૃત્તિની અટકળો તેજ

**2026** આઇપીએલ પહેલી એવી ટૂર્નમિન્ટ કે જેમાં ધોનીએ એકપણ મેચ રમી નથી

**એસઆરએચ** સામે હોમગ્રાઉન્ડ પર ઇમ્પેક્ટ પ્લેયર તરીકે રમવા આડે ફિટનેસ આવી હતી



રાંચી, તા. 21 : ઈન્ડિયન પ્રીમિયર લીગની આ સિઝનની શરૂઆતથી જ માજી કેપ્ટન એમએસ ધોનીને મેદાન પર રમતો જોવા માટે આશા રાખતા લાખો ચાહકોની ઈચ્છા અધુરી રહી છે અને. ગુજરાત સામેની આજે ગુરુવારની અંતિમ લીગ મેચ પહેલા ધોની મેચની પૂર્વસંધ્યાએ પોતાના વતન રાંચી પરત ફર્યો છે. 2026 ટુર્નામેન્ટની પહેલી સીઝન છે જેમાં ધોનીએ એક પણ મેચ રમી નથી. આ વર્તમાન પરિસ્થિતથી એવો સવાલ ઊભો થયો છે કે શું ધોનીએ તેની છેલ્લી આઈપીએલ મેચ રમી લીધી છે.

સીઝનની શરૂઆતમાં પગની પીઠની ઈજાને કારણે બે અઠવાડિયા માટે બહાર રહ્યા બાદ, ધોનીએ ફિટનેસ પાછી મેળવ્યા પછી પણ કાર્તિક શર્માને ટીમમાં જાળવી રાખવા પોતે બહાર રહેવાનો નિર્ણય લીધો હતો. જેમી ઓવરટન જાંઘની ઈજા સાથે ઘરે પરત ફર્યા બાદ, ટીમમાં ખાલી થયેલી જગ્યા ભરવા માટે ધોનીને લખનૌ સામેની મેચ માટે ટીમ સાથે પ્રવાસ કર્યો.

જોકે, ધોનીને પ્રેક્ટિસ સેશન દરમિયાન અંગૂઠામાં ઈજા થઈ અને તે ફરી બહાર થયો. સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની અંતિમ ઘરઆંગણાની મેચ માટે તેને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમાડવાનો વિચાર થયો પણ 100% ફિટ ન હોવાને કારણે તે ખસી ગયો.

# રો.કો. અંગે પોન્ટિંગ બોલ્યો : ચેમ્પિયન ખેલાડીઓને ક્યારેય ઓછા ન આંકવા

**2027ના** વન ડે વર્લ્ડકપમાં રમવા અંગે રોહિત અને વિરાટ શક્ય એટલું બધુ કરી રહ્યા છે : પોન્ટિંગ

**આ** બંને ખેલાડીઓમાં આગળ વધવાનો અને પોતાને શ્રેષ્ઠ ખેલાડી બનાવવાનો જુસ્સો અકબંધ છે



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયન દિગ્ગજ રિકી પોન્ટિંગ માને છે કે ભારતીય સુપરસ્ટાર રોહિત શર્મા અને વિરાટ કોહલી ઓક્ટોબર-નવેમ્બર 2027માં દક્ષિણ આફ્રિકામાં યોજાનાર ODI વર્લ્ડ કપમાં રમવા માટે શક્ય તેટલું બધું કરી રહ્યા છે.

આઈપીએલમાં પંજાબ કિંગ્સના મુખ્ય કોચ પોન્ટિંગે જણાવ્યું કે હું તેમને આગળ વધતા અને ત્યાં પહોંચવાનો પ્રયાસ કરતા જોઈ શકું છું. ચેમ્પિયન ખેલાડીઓ વિશે મેં હંમેશા એક વાત કહી છે કે તમે તેમને ક્યારેય નકારી શકો નહીં. તમે તેમને ક્યારેય ઓછા આંકી શકો નહીં

ગયા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, બંને માજી ભારતીય કેપ્ટન હવે ફક્ત 50 ઓવરના એક જ ફોર્મેટમાં રમે છે. કોહલીએ આઈપીએલમાં પોતાના સાતત્યપૂર્ણ પ્રદર્શનને ફરીથી વ્યાખ્યાયિત કર્યું છે, જ્યારે રોહિતે હેમસ્ટ્રિંગની ઈજા હોવા છતાં પણ સારું પ્રદર્શન કર્યું છે. પોન્ટિંગે કહ્યું કે કોહલી અને રોહિત જેવા ચેમ્પિયનને ક્યારેય ઓછા આંકવા જોઈએ નહીં. તે ખેલાડીઓમાં હજુ પણ આગળ વધવાનો અને પોતાને શ્રેષ્ઠ ખેલાડી બનાવવાનો જુસ્સો છે. તેથી, જેમ મેં કહ્યું, ક્યારેય ક્યારેય ન કહો.

# ડોપિંગ મામલે સરકાર સખત, સપ્લાયર્સને પાંચ વર્ષની જેલની સજાનું સૂચન

**રાષ્ટ્રીય** ડોપિંગ વિરોધી કાયદામાં સુધારો કરાશે, તેને પ્રતિભાવ માટે રમત મંત્રાલયની વેબસાઇટ પર મૂકાયા

**આ** સુધારેલું બિલ સંસદના આગામી સત્રમાં લાવવામાં આવશે : મનસુખ માંડવિયા



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ) : રમત મંત્રી મનસુખ માંડવિયાએ આજે ગુરુવારે જણાવ્યું હતું કે પ્રતિબંધિત પદાર્થોના પુરવઠા અને વિતરણને ગુનાહિત બનાવવા માટે રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી કાયદામાં સુધારો કરવામાં આવશે અને રમતવીરોને આવા પદાર્થો સપ્લાય કરનારાઓ માટે પાંચ વર્ષ સુધીની જેલની સજાનું સૂચન કર્યું છે. આ સુધારાઓ જાહેર પ્રતિભાવ માટે રમતગમત મંત્રાલયની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે.

આ સુધારા મુજબ, જે કોઈ પણ ખેલાડીને ડોપિંગના હેતુથી અથવા આવા પદાર્થના સંબંધમાં કોઈપણ પ્રતિબંધિત પદાર્થ આપે છે તેને પાંચ વર્ષ સુધીની કેદની સજા અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. માંડવિયાએ કહ્યું કે આ સુધારેલું બિલ સંસદના આગામી સત્રમાં લાવવામાં આવશે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું કે ડોપિંગ હવે ફક્ત રમતગમત સંબંધિત ઉલ્લંઘન નથી, પરંતુ તે એક સંગઠિત ઈકોસિસ્ટમ બની ગઈ છે જે રમતવીરોનું શોષણ કરે છે. સરકારનો ઉદ્દેશ્ય રમતવીરોનું રક્ષણ કરવાનો અને ડોપિંગથી નફો મેળવતા ગુનાહિત નેટવર્કને તોડી પાડવાનો છે. તેમણે પ્રસ્તાવિત માળખાને સમજાવ્યું જે સુનિશ્ચિત કરશે કે ખેલાડીને ફક્ત ડોપિંગ વિરોધી નિયમના ઉલ્લંઘન અથવા સકારાત્મક પરીક્ષણના આધારે દોષિત ઠેરવવામાં આવશે નહીં.

માંડવિયાએ જણાવ્યું હતું કે એથ્લેટ્સને સંડોવતા રમતોમાં ઉલ્લંઘનના કેસો વર્તમાન ડોપિંગ વિરોધી માળખા હેઠળ રહેશે. પ્રસ્તાવિત સુધારાનો હેતુ ગેરકાયદેસર સપ્લાયર્સ, સંગઠિત ગેંગ, ભૂલ કરનાર સહાયક સ્ટાફ, દાણચોરો અને રમતવીરોને પ્રતિબંધિત પદાર્થોનું સંચાલન કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો છે.

# એસ્ટન વિલાએ યુરોપા લીગ જીતીને 30 વર્ષના દુષ્કાળનો અંત આણ્યો

**1996ના** ઈંગ્લિશ લીગ કપ પછી યુરોપા જીત એસ્ટન વિલાનું આ પહેલું મોટું ટાઇટલ

**1982માં** પ્રથમ વખત યુરોપિયન કપ જીતનારી ટીમના નવ સભ્યો સ્ટેડિયમમાં હાજર રહ્યા



ઈસ્તંબુલ, તા. 21 (એપી) : એસ્ટન વિલાએ શાનદાર પ્રદર્શન કરીને બુધવારે અહીં ફ્રીબર્ગને 3-0થી હરાવીને યુરોપા લીગનું ટાઈટલ જીતીને 30 વર્ષના ટ્રોફી દુષ્કાળનો અંત કર્યો હતો. 1996ના ઈંગ્લિશ લીગ કપ પછી એસ્ટન વિલાનું આ પહેલું મોટું ટાઈટલ હતું.

એસ્ટન વિલાના મેનેજર ઉનાઈ એમરીએ યુરોપા લીગના રાજા તરીકેની પોતાની સ્થિતિને પુનઃપુષ્ટિ કરીને તેમનો રેકોર્ડ પાંચમો ખિતાબ જીત્યો. એસ્ટન વિલાની છેલ્લી મોટી ટ્રોફી 1996માં ઈંગ્લિશ લીગ કપ હતી. ક્લબે 1982 માં યુરોપિયન કપ અને પછી સુપર કપ પણ જીત્યો હતો. પ્રથમ વખત યુરોપિયન કપ જીત્યા પછી, આ ટ્રોફી 44 વર્ષ પછી મળી.

પહેલા હાફમાં યુરી ટિલેમેન્સ અને એમી બુએન્ડિયાના શાનદાર ગોલથી એસ્ટન વિલાએ મેચ પર પ્રભુત્વ જમાવ્યું, ત્યારબાદ મોર્ગન રોજર્સના ગોલે તેમનું બીજું મોટું યુરોપિયન ટાઈટલ સુનિશ્ચિત કર્યું હતું. 1982ની તે ટીમના નવ સભ્યો સ્ટેડિયમમાં હાજર હતા અને ઉનાઈ એમરીને તેનું પાંચમું યુરોપા લીગ ટાઈટલ જીતતા જોયા હતા.

નવેમ્બર 2022 માં, એમરીએ સ્ટીવન ગેરાર્ડનું સ્થાન લીધું, જ્યારે વિલા રેલીગેશન ઝોનથી ફક્ત ત્રણ પોઈન્ટ ઉપર હતું. સ્પેનિશ કોચ એમરીએ ટીમને ટોચના પાંચ દાવેદારમાં પરિવર્તિત કરી છે અને હવે, યુરોપિયન ચેમ્પિયન છે.

## વિલાના આજીવન સમર્થક પ્રિન્સ વિલિયમે જોરશોરથી વિજયની ઉજવણી કરી



મેચની અંતિમ વ્હીસલ વાગી કે તરત જ એસ્ટન વિલાના આજીવન પ્રશંસક એવા પ્રિન્સ વિલિયમે તુપ્રાસ સ્ટેડિયમની અંદર જોરદાર રીતે વિજયની ઉજવણી કરી હતી. તેઓ પોતાની આ વહાલી ટીમને મેજર ટ્રોફી જીતવાની 30 વર્ષની લાંબી પ્રતીક્ષાનો અંત લાવતા જોવા માટે ત્યાં ગયા હતા. પ્રિન્સે X પર પોસ્ટ કર્યું કે અદ્ભૂત રાત્રિ!! ટીમના તમામ ખેલાડીઓ, સ્ટાફ અને ક્લબ સાથે જોડાયેલા દરેક વ્યક્તિને ખૂબ ખૂબ અભિનંદન! જ્યારે કેપ્ટન જોન મેકગિને મેદાનની વચ્ચે હવામાં ઉડતી રંગબેરંગી કાગળની પટ્ટીઓ વચ્ચે કપ હવામાં ઊંચક્યો, ત્યારે પ્રિન્સ પોતાના ફોનથી તેના ફોટા પાડ્યા હતા.

# ડિસ્કસ થ્રોઅર બનવીર પર સાત વર્ષનો પ્રતિબંધ મૂકાયો

**લાંબા** અંતરના દોડવીર હરેન્દ્ર પર બીજી વખત ચાર વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો

નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ) : ડિસ્કસ થ્રોઅર બનવીર સિંહ પર ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (નાડા) અપીલ પેનલ (એડીએપી) દ્વારા સાત વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જે શિસ્ત સમિતિ દ્વારા આપવામાં આવેલી સજા કરતાં બે વર્ષ વધુ છે.

ગયા વર્ષે, નાડા એન્ટિ-ડોપિંગ ડિસિપ્લિનરી કમિટી (એડીડીપી)એ સ્ટીરોઈડ મેથેન્ડીએનોન માટે પોઝિટિવ પરીક્ષણ બાદ બનવીરને 23 ડિસેમ્બર, 2024થી પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કર્યો હતો. 12 મહિનાની અંદર ત્રણ વખત પોતાના રહેઠાણની વિગતો આપવામાં નિષ્ફળ રહેવા બદલ તે આ વર્ષે ૨૨ ડિસેમ્બર સુધી બે વર્ષના સસ્પેન્શનની સજા ભોગવી રહ્યો છે. એડીએપીએ નવીનતમ અપડેટમાં પ્રતિબંધ લંબાવ્યો છે. નાડાએ એડીએપીના સજા વધારવાના નિર્ણયના કારણો વિશે કોઈ વિગતો આપી નથી. સાડત્રીસ વર્ષની ઉંમરે, બાનવીર ડોપિંગ માટે સસ્પેન્ડ કરાયેલો સૌથી વધુ વયના ખેલાડીઓમાંનો એક હોઈ શકે છે. આ ઉપરાંત, લાંબા અંતરના દોડવીર હરેન્દ્ર કુમારને આ વર્ષે 2 ઓગસ્ટથી ફરી એકવાર ચાર વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

# 24 મેએ દેશભરમાં 8000 સ્થળે કોમનવેલ્થ ગેમ્સ દિવસ ઉજવાશે

**કોમન** વેલ્થ ગેમ્સ ડેની વિવિધ ઉજવણી સાથેનો મુખ્ય કાર્યક્રમ 2030ના યજમાન અમદાવાદમાં યોજાશે

**અમદાવાદમાં** હોકી ખેલાડી ગુરજીત કૌર, બેડમિન્ટન સ્ટાર તૃપ્તિ અને શૂટર અંજુમ સહિતના ખેલાડી હાજર રહેશે

નવી દિલ્હી, 21 મે (પીટીઆઈ) કોમનવેલ્થ ગેમ્સ દિવસ 24 મે ના રોજ દેશભરના 8,000 થી વધુ સ્થળોએ ઉજવવામાં આવશે, જેમાં મુખ્ય કાર્યક્રમ 2030 ગેમ્સના યજમાન અમદાવાદમાં યોજાશે, જેમાં રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ભાગ લેશે.

અમદાવાદમાં યોજાનાર આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય હોકી ખેલાડી ગુરજીત કૌર, બેડમિન્ટન સ્ટાર તૃપ્તિ મુરગુન્ડે અને શૂટર અંજુમ મુદગિલ સહિત ઘણા પ્રખ્યાત ખેલાડીઓ જોવા મળશે. રમતગમત મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે કોમનવેલ્થ ગેમ્સની થીમ સાથે 24 મેના રોજ અમદાવાદના રિવરફ્રન્ટ પર ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલનું આયોજન કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ વર્ષના કાર્યક્રમની થીમ ફિટર ઈન્ડિયા માટે એક નવું ચિહ્ન... 2020 સુધી પેડલિંગ હશે, જે ફિટનેસ, એકતા અને રમતગમત દ્વારા 2030 કોમનવેલ્થ ગેમ્સની તૈયારી કરવાના ભારતના વિઝનને પણ પ્રતિબિંબિત કરશે. આ અંતર્ગત, કોમનવેલ્થ થીમ પર એક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવશે જેમાં છેલ્લા 12 વર્ષમાં રમતગમતમાં ભારતની સિદ્ધિઓની ઝલક, ખેલો ઈન્ડિયા મિશન અને રમતગમતના સાધનોના ઉત્પાદનમાં લેવામાં આવેલી પહેલનો સમાવેશ થશે. હોકી પ્લેયર રજની ઈ, ગુરજીત કૌર, સોનિકા ટી, શૂટર્સ અંજુમ મુદગીલ, અંકુર મિત્તલ, બેડમિન્ટન પ્લેયર તૃપ્તિ મુરગુંડે અને અભિનેતા આયુષ્માન ખુરાના અમદાવાદમાં યોજાનારી ઈવેન્ટમાં ભાગ લેશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### પશ્ચિમ બંગાળમાં...

આ જાહેરનામું જરૂરી કાર્યવાહી માટે જિલ્લા મેજિસ્ટ્રેટો, શાળાઓના જિલ્લા નિરીક્ષકો (ડી.આઈ.), વેસ્ટ બેંગાલ બોર્ડ ઓફ મદ્રેસા એજ્યુકેશન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને મોકલવામાં આવ્યું હતું.

### સોશિયલ મીડિયા...

એકાઉન્ટે વિપક્ષ કોંગ્રેસના ફોલોઅર્સની સંખ્યાને પણ પાછળ છોડી દીધી છે, જેના ૧.૩૩ કરોડ (૧૩.૩ મિલિયન) ફોલોઅર્સ છે. આ પક્ષની સ્થાપનાના પાંચ જ દિવસમાં ઈન્સ્ટાગ્રામ પણ તેના ફોલોઅર્સનો આંકડો દસ લાખને વટાવી ગયો છે. ભારતના રાજકીય સોશ્યલ મીડિયા લેન્ડસ્કેપમાં આટલી ઝડપથી ફોલોઅર્સ વધવાનું ભાગ્યે જ જોવા મળ્યું છે.

### કોક્રોચ જનતા...

કારણ આ છે, તે પોસ્ટમાં લખ્યું હતું, જેમાં કમળના ફૂલ (જે ભાજપનું ચૂંટણી ચિન્હ છે) પર વંદો બેઠેલો હોય તેવી તસવીર પણ હતી. બીજી એક પોસ્ટમાં લખ્યું હતું, તમને લાગ્યું કે તમે અમારાથી છુટકારો મેળવી શકશો? લોલ (Lol). ઘણા લોકો માટે ઝડપથી 'સીજેપી' (CJP) બનેલી કોકરોચ જનતા પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે વિપક્ષ કોંગ્રેસના ફોલોઅર્સની સંખ્યાને પણ પાછળ છોડી દીધી છે, જેના ૧.૩૩ કરોડ (૧૩.૩ મિલિયન) ફોલોઅર્સ છે.

### ડીઝલના જથ્થાબંધ...

રીતે બજાર ભાવે મળે છે. શર્માએ જણાવ્યું હતું કે, ખાનગી રિટેલર્સની સરખામણીમાં સરકારી પેટ્રોલ પંપ પર કિંમતો ઓછી હોવાને કારણે ત્યાં વધુ માંગ જોવા મળી રહી છે. પેટ્રોલ પંપ પર સામાન્ય રીતે બે થી ત્રણ દિવસનો સ્ટોક હોય છે, અને જો તેઓ માંગમાં ૨૦-૩૦ ટકાનો વધારો જુએ, તો તેઓએ અસ્થાયી રૂપે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે... છેવટે, ઈંધણ પહોંચાડવામાં છેવાડાની લોજિસ્ટિક્સ સમસ્યાઓ પણ હોય છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. શર્માએ જણાવ્યું હતું કે, સરકાર અસાધારણ રીતે વધુ માંગ ધરાવતા આઉટલેટ્સ પર સપ્લાયનું નજીકથી નિરીક્ષણ કરી રહી છે અને જ્યાં પણ જરૂર પડે ત્યાં રાજ્ય વહીવટીતંત્ર અને સ્થાનિક પોલીસ સાથે સંકલન સાધી રહી છે.

### દિલ્હી ડાયરી...

ભાવમાં વધારો થવો નિશ્ચિત છે.

ઓઇલ કંપનીઓ તરફથી પણ ભાવ વધારવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. એલપીજીના કિસ્સામાં, સરકારે ભૂતકાળમાં ઓઇલ કંપનીઓ પરનો બોજ ઓછો કરવા માટે હસ્તક્ષેપ કર્યો હતો અને આ વખતે પણ આવા કોઈ સરકારી હસ્તક્ષેપની શક્યતાને નકારી શકાય તેમ નથી.

**રાષ્ટ્રીય મુદ્દાઓનું રાજકીયકરણ**

દેશભરના ભાજપના નેતાઓને આતંકવાદ વિરોધી સૈન્ય અભિયાન 'ઓપરેશન સિંદૂર'ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રોફાઇલ પિક્ચર (ડીપી) બદલીને આ ઓપરેશનનો લોગો લગાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેબિનેટ મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓએ પહેલેથી જ પોતાના પ્રોફાઇલ પિક્ચર બદલી નાખ્યા છે. કેટલાક સરકારી અધિકારીઓને પણ ૧૦ મે સુધીમાં તેમના ડિસ્પ્લે પિક્ચર બદલવા માટેના સંદેશા મળ્યા છે. આ ઉપરાંત, તેમને પોતપોતાના વિભાગોમાં સહકર્મચારીઓ વચ્ચે પણ આ બાબતનો પ્રચાર કરવા માટે કહેવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય હિતના અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દા પર આ પ્રકારનો અતિશય દેખાડો કરવાનું આ ફરી એક ઉત્તમ ઉદાહરણ છે. આવા ગંભીર રાષ્ટ્રીય મુદ્દાનો ઉપયોગ આત્મ-ગૌરવ વધારવા અને રાજકીય લાભ ખાટવાના સાધન તરીકે કરવો તે ચોક્કસપણે યોગ્ય નથી.

**આઇબીનો ગુપ્ત અહેવાલ અને યુજીસી વિવાદ**

આશરે પખવાડિયા પહેલાં ઇન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)એ કેન્દ્ર સરકારને એક મહત્ત્વપૂર્ણ અહેવાલ સુપરત કર્યો છે. એવું કહેવાય છે કે, આ અહેવાલ તૈયાર કરવામાં ત્રણ મહિનાથી વધુનો સમય લાગ્યો હતો.

આ અહેવાલ આઇબી દ્વારા કરવામાં આવેલા વ્યાપક ગ્રાઉન્ડ સર્વે પર આધારિત છે, જેમાં વડા પ્રધાન અને કેન્દ્ર સરકારની લોકપ્રિયતા અંગે જનતાના અભિપ્રાયનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.